


# સર્વોત્તમ, સૂરોત્તમ, પુરુષોત્તમ...

**ગુજરાતી સુગમ સંગીતના રસિયાઓના હૈયાના દરબારમાં અનેક દશકા સુધી રાજ કર્યું પુરુષોત્તમ ઉપાધ્યાયે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પદ્મશ્રી એવોર્ડ વિજેતા ગાયક-સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાયનો જન્મ ખેડ જિલ્લાના ઉત્તરસંડા ગામમાં પંદરમી ઑગસ્ટ, ૧૯૩૪ના રોજ થયો હતો અને નાનપણથી જ તેમને સંગીત સાંભળવાનો ભારે શોખ હતો. તેની સાથે તેમને ગાવાના શોખનો ઉમેરો થયો. શાળામાં હતા ત્યારે તેમને ઘણા પારિતોષિક મળ્યા હતા અને ભણવા કરતાં સંગીતમાં એટલો રસ જાગ્યો કે પરિવારમાં કોઈને કહ્યા વગર સંગીતમાં કારકિર્દી ઘડવા માટે વતન છોડીને મુંબઈ આવતા રહ્યા હતા, પરંતુ ત્યાં અપેક્ષા મુજબનું પ્રોત્સાહન ન મળતાં તેમણે ફરી વતનનો રસ્તો પકડ્યો હતો. અહીં તેમણે નાટક-કંપનીઓમાં નાની મોટી ભૂમિકાઓ ભજવવાની શરૂઆત કરી હતી.

લતા મંગેશકર, આશા ભોસલે, ઉષા મંગેશકર અને હૃદયનાથ મંગેશકરના ગુરુ નવરંગ નાગપુરકર પાસેથી સંગીતની તાલીમ મેળવનારા પુરુષોત્તમ ઉપાધ્યાયે નાની ઉંમરે જ પાકો નિર્ધાર કર્યો હતો કે તેઓ નરસિંહ મહેતાની જેમ ફક્ત ગુજરાતી માટે જ સંગીત તૈયાર કરશે અને આજીવન તેમણે પોતાની સાધના જાળવી રાખી હતી.

જોગાનુજોગ ગુજરાતી રંગમંચના જાણીતા અભિનેતા અશરફખાનની હાજરીમાં નૂરજહાંએ ગાયેલું એક ગીત ગાવાની તક મળી અને આ મુલાકાતથી પુરુષોત્તમ ઉપાધ્યાયના જીવનમાં નવો વળાંક આવ્યો. થોડા સમય બાદ તેઓ ફરીથી મુંબઈ ગયા હતા. આ વખતે નસીબનું કરવું કે તે જમાનાના વિખ્યાત કલાકારો અમીરબાઈ કર્ણાટકી, તબલાનવાઝ ઉસ્તાદ અલ્લારખાંસાહેબ, વિખ્યાત ગુજરાતી ગાયક અને સ્વરકાર દિલીપ ધોળકિયા, અવિનાશ વ્યાસ જેવી હસ્તીઓ તેમના અંગત પરિચયમાં આવી હતી. અવિનાશ વ્યાસને ત્યાં તેઓ થોડા સમય માટે રહ્યા પણ હતા. માસ્ટર અશરફખાનની ભલામણથી આકાશવાણી, મુંબઈ કેન્દ્ર પર ગાવાનો કરાર કર્યો હતો. આ ઉપરાંત, મુંબઈની જાણીતી શિક્ષણ-સંસ્થા ભારતીય વિદ્યાભવન ખાતે અવિનાશ વ્યાસની રાહબરી હેઠળ સંગીત-કાર્યક્રમોનું સંચાલન કરવાની તક મળી હતી.

પુરુષોત્તમ ઉપાધ્યાય ગુજરાતી સુગમ સંગીત ઉપરાંત ગઝલ-ગાયનમાં પણ ખ્યાતિ ધરાવતા હતા. ચલચિત્રજગતની સુવિખ્યાત સ્વરનિયોજક બેલડી કલ્યાણજી-આણંદજીની સંગતમાં પુરુષોત્તમ ઉપાધ્યાય પણ સ્વરનિયોજન કરવા લાગ્યા. તેમના સ્વરનિયોજન હેઠળ દેશના સુવિખ્યાત પાર્શ્વગાયકો લતા મંગેશકર, આશા ભોસલે અને મહમ્મદ રફી જેવા પ્રથમ પંક્તિનાં ગાયકોએ પોતાનો કંઠ આપ્યો છે. ગુજરાતી સુગમ સંગીતમાં પુરુષોત્તમભાઈના સ્વરનિયોજન હેઠળ જે કલાકારોએ પોતાનો કંઠ આપ્યો છે તેમાં હંસા દવે અગ્રક્રમ ધરાવે છે. ગુજરાતી સુગમ સંગીતની નવી પેઢી પુરુષોત્તમ ઉપાધ્યાયને રોલ મોડેલ તરીકે સ્વીકારે છે.

# સ્વરશ્રેષ્ઠને શ્રદ્ધાંજલિ

## ગુજરાતી પ્રજા પુરુષોત્તમભાઈને ક્યારેય નહીં ભૂલી શકે



હું નવી નવી કલા કેન્દ્રમાં ગઇ ત્યારે મેં અને પુરુષોત્તમભાઇએ ભવાઇનો નવો ફોર્મ કરેલો 'ઢોલીડા રે ઢોલીડા'. એટલે મારા અને પુરુષોત્તમભાઇના ઘણા વર્ષોથી સંબંધ હતા. લોકસંગીતને ઘરમાં ઘરમાં ફેલાવનાર એટલે પુરુષોત્તમભાઇ. તેમની ગાયિકીની પદ્ધતિ અને જે રીતે તેઓ ગાતા તે બહુ યાદ આવશે. તેમના છેલ્લા દિવસોમાં હું તેમને મળવા ગઇ ત્યારે પણ તેમના અવાજમાં એ જ દમ હતો. તેઓ એવું જ ગાઇ પણ શકતા હતા. મેં તેમને પૂછ્યું પણ હતું કે 'આ ઉંમરે પણ તમારો અવાજ કેવી રીતે આવો ? ત્યારે તેમણે કહ્યું હતું કે સંગીત માટેની એક્સરસાઇઝ પ્રાણાયમ એ હું બહું કરું છું.' તેમને ભૂલવાનું બહુ મુશ્કેલ છે. તેમના આત્માને શાંતિ મળે. તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની ક્ષમતા મળે એવી પ્રાર્થના. ગુજરાતી પ્રજા આ ગાયકને ક્યારેય ભૂલી શકશે નહીં.

**– સરીતા જોશી**

## 'સા'થી 'સા' સુધીનો અતિશુદ્ધ સ્વર



પુરુષોત્તમ ઉપાધ્યાય એટલે 'સા'થી 'સા' સુધીનો અતિશુદ્ધ સ્વર, વિલય પામ્યો છે. ૧૯૭૬માં કૈલાશ પંડિતે મારી ઓળખાણ પુરુષોત્તમ ઉપાધ્યાય સાથે કરાવી, પણ તેના પહેલા ૧૯૭૨માં ભાઇદાસ હોલમાં એક કાર્યક્રમમાં તેમને સદેહ જોયા હતા. ૧૯૭૩માં 'કલાપીથી કૈલાશ પંડિત સુધીની સફર' શીર્ષક હેઠળના કાર્યક્રમમાં તેમને બહુ નિરાંતે સાંભળ્યા. ત્યારે આદિલ મન્સૂરીની ગઝલ 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે...' અને મરીઝની ગઝલ 'બસ એટલી સમજ મને પરવરદિગાર દે...' એ ગાઇ હતી જે અદ્ભૂત હતી. ત્યારે ખબર પડીને સંગીતને આ રીતે પણ રજૂ કરી શકાય છે અને સમજાયું કે સંગીત ફક્ત ગાવાની વસ્તુ નથી, પણ સ્ટેજ ઉપરથી રજૂ કરવાની કળા છે. તેમની સાથેના અનુભવો પર તો પુસ્તકો લખી શકાય. ૩૦મી નવેમ્બર, ૧૯૭૯માં પુરુષોત્તમ ઉપાધ્યાય, હંસા દવે, આશિત દેસાઇ, હેમાંગિની દેસાઇ, તૃપ્તિ છાયા, રાજેન્દ્ર ઝવેરી, દક્ષેશ ધ્રુવ, ગૌરવ ધ્રુવ, ઉદય મઝુમદાર, રજત ધોળકિયા વગેરે દ્વારાં રજૂ કરાયેલાં કાર્યક્રમ 'સંગતી'માં મોટા સંચાલકોને બાજુ પર રાખીને તેમણે મને સૌપ્રથમ વખત સંચાલન કરવાની તક આપી હતી. મારું જીંદગીનું પ્રથમ સંચાલન. તેથી કવિતાના ક્ષેત્રમાંથી બહાર નીકળીને સંચાલનમાં ક્ષેત્રમાં મારી આગવી ઓળખ તેમણે બનાવી. તેનું શ્રેય ફક્ત પુરુષોત્તમભાઇને જાય છે.

**– શોભિત દેસાઇ**



## આજીવન સ્વર પર સવાર હતા



બાળપણથી જ પુરુષોત્તમભાઇને ઓળખતો અને તેમના છેલ્લા દિવસોમાં પણ હું તેમની પાસે જતો ત્યારે તેઓ મને તરત ઓળખી જતા. સંગીતને તેમણે બહુ જ પ્રેમ કર્યો. ગુજરાતી સંગીતમાં તેમનું બેજોડ પ્રદાન છે. આવા માતબર કલાકારને આપણે ગુમાવ્યા એ દુઃખની વાત છે. તેમને સાંભળવાનો ઘણો અનેરો આનંદ થતો, કારણ કે તેઓ સંગીત સાથે એકરૂપ થઇને ગાતા હતા. તેઓ આજીવન સ્વર પર સવાર હતા.

**– ઉદય મઝમુદાર**

## વડલો રહ્યો નથી, પણ છાયો મળતો જ રહેશે

૧૯૭૪માં હું વડોદરાથી મુંબઈ આવ્યો. પુરુષોત્તમભાઇએ મને ઘણા કાર્યક્રમોમાં ભાગ લેવડાવ્યો, સાથે ગવડાવ્યો. મેં અને તેમણે સૌથી વધુ ગુજરાતી ગીતો ગાયા એ મારું સૌભાગ્ય છે. તેઓ મારા કરતા વીસ વર્ષ મોટા હતા અને તેમનો હાથ હંમેશાં મારા માથે હતો. ગુજરાતી સુગમ સંગીતમાં જંગલ કાપ્યું અવિનાશ વ્યાસે અને કેડી ચાતરી એ પુરુષોત્તમભાઇએ. અમારી માટે તો સુગમ સંગીતમાં આગળ વધવાનું બહુ સરળ થઇ ગયું હતું, કારણ કે તેમણે પહેલાથી કેડી બનાવીને આપી હતી. તે રસ્તે જ અમે ચાલ્યા કર્યા. સુગમ સંગીતમાં તેઓ ઘણા ફેરફાર લાવ્યા. ઘણા ગાયકોને તેમણે તક પૂરી પાડી છે. એમ કહીએ કે સુગમ સંગીતનો તેઓ વડલો હતા જે આજે નથી રહ્યો, પરંતુ તેનો છાયો હજી પણ અમને મળતો જ રહેશે અને તે છાયા હેઠળ અમે જીવીશું. તેમને મને ગુરુપદ નથી આપ્યું, પણ એકલવ્યની જેમ તેમની પાસેથી શિક્ષા મેળવી છે. તેઓ 'ક્રિએટિકલ પ્રેઝેન્ટર' હતા એટલે પ્રેક્ષકોની પાસે દાદ માગવી ન પડે, પણ તેઓએ દાદ આપવી જ પડે. તેઓ હવે અમારી વચ્ચે નથી તેનું મને બહુ દુઃખ છે.

**–આશિત દેસાઇ**

## હું તેમની ત્રીજી દીકરી



પુરુષોત્તમભાઇ મારા પિતા જેવા હતા. મારી અટક ઉપાધ્યાય એટલે તેઓ હંમેશાં એમ જ કહેતા કે મારી બે નહીં ત્રણ દીકરીઓ છે વિરાજ, બિજલ અને નિશા. હજી પણ લોકોને એમ જ થાય કે હું પુરુષોત્તમભાઇની જ દીકરી છું. અમે આમ ભલે સગા ન થાય, પણ અમારું સગપણ સૂરનું તો હતું જ. તેઓ હંમેશાં કહેતા કે આ ત્રીજી દીકરી મને બહુ જ ગમે છે, કારણ કે તે બહુ સૂરિલી છે. હવે સુગમ સંગીતમાં માત્ર એમની યાદો જ રહેશે. મને તેમનું સૌથી પ્રિય સ્વરાંકન અનિલ જોષીનું 'સુકી જુદાઇની ડાળ તણા ફૂલ અમે છાનાં ઉગીને છાનાં ખરીએ, તમે આવો તો બે-એક વાત કરીએ'. વચ્ચે સૂરનું સગપણ હતું. તેઓ અમારી વચ્ચે હંમેશાં રહેશે.

**–નિશા કાપડીયા**

## ગુજરાતનો એકમાત્ર ગવૈયો એટલે પુરુષોત્તમ ઉપાધ્યાય



પુરુષોત્તમભાઇએ સુગમ સંગીતની આગવી ગાયિકીની એક નવી પહેલ શરૂ કરી. ગુજરાતી સુગમ સંગીતમાં તેઓ બદલાવ લાવ્યા. તેઓ સલામત અલીખાં, નઝાકત અલીખાં પાસે શાસ્ત્રીય સંગીત શિખેલા અને તેમણે અવિનાશ વ્યાસ સાથે ખૂબ કામ કર્યું. ત્યાર બાદ તેમણે પોતાની આગવી પ્રતિભા ઊભી કરી. ઇન્ટરનેશનલ લેવલ સુધી તેમણે સુગમ સંગીતનો ફેલાવો કર્યો, તેનો પ્રચાર કર્યો. સુગમ સંગીત શું છે તેનો અનુભવ કરાવ્યો. મારા પિતા દિલીપ ધોળકિયા હંમેશાં કહેતા કે ગુજરાતનો એકમાત્ર ગવૈયો એટલે પુરુષોત્તમ ઉપાધ્યાય. ગુજરાતી સંગીતજગત, ખાસ કરીને સુગમ સંગીત ક્ષેત્રને આજે બહુ મોટું નુકસાન થયું છે.

**– રજત ધોળકિયા**

## પુરુષોત્તમ ઉપાધ્યાયની ગાયિકી એટલે શ્રેષ્ઠ



સૂરોત્તમ એટલે પુરુષોત્તમ. પુરુષોત્તમભાઇ સાથે મારી મુલાકાત ભાવનગરમાં થઇ હતી. ત્યારે મારામાં રહેલી ગાયિકીની પ્રતિભાને તેમણે વખાણી હતી. ગુજરાતી સંગીતથી વાકેફ દરેક લોકોને ખબર જ હોય કે પુરુષોત્તમ ઉપાધ્યાયની ગાયિકી એટલે શ્રેષ્ઠ. ગુજરાતી ફિલ્મોને બહુ સુંદર સ્વરાંક્નો આપ્યા. 'પાન લીલું જોયું...', 'હવે સખી નહીં બોલું...', 'દિવસો જુદાઇના જાય છે...' વગેરે એમના ગીતો ઘણા લોકપ્રિય થયા છે કે હજી લોકોના મોઢે આ ગીતો ગવાય છે. હિન્દી ફિલ્મોના ગાયકોને પણ તેમણે ગવડાવ્યા છે. લતા મંગેશકર, મોહમ્મદ રફી, બેગમ અખ્તર પાસે તેમને ગવડાવ્યું છે. મને સૌથી પહેલા કાર્યક્રમ કરવા માટે અમેરિકા મોકલનાર એ પુરુષોત્તમભાઇ. છેલ્લા દિવસોમાં તેમની યાદશક્તિ થોડી ઓછી થઇ ગઇ હતી, પરંતુ એવું ક્યારેય નહીં બન્યું કે તેઓ મને ભૂલી ગયા હોય. ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

**–રેખા ત્રિવેદી**


રમતગમતમાં પણ ગુજરાતીઓ અવ્વલ

મુંબઈ સમાચાર આયોજિત

૧૪ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪

ખેલ મહોત્સવ

પ્રાયોજકો: PRAKASH KAMDAR ESTATE CONSULTANT

ALAG GROUP SPACES. THAT STAND OUT

ચોથા વર્ષમાં મુંબઈ સમાચારનો રમતોત્સવ જઈ રહ્યો છે ત્યારે બેડમિંટન, કેરમ, ચેસ અને ટેબલટેનિસ સ્પર્ધાની સાથે કળા ક્ષેત્રે પણ તમે તમારું કૌવત પુરવાર કરી શકો એ માટે ડ્રોઈંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

'મુંબઈ સમાચાર'ના 'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ ૨૦૧૪, ૧૫ અને ૧૬માં સતત ત્રણ વર્ષ રમતોત્સવ 'રમે ગુજરાતી જીતે ગુજરાતી'નું સફળપૂર્વક આયોજન કર્યા બાદ ફરી એક વાર આપની સમક્ષ ખેલ મહોત્સવમાં ભાગ લઈને ગુજરાતીઓ રમતગમત ક્ષેત્રે કશું કરી નથી શકતા, એવું મહેણું ભાંગવાનો અવસર આવી ચૂક્યો છે.

સહપ્રાયોજક: MAGIC ART COLOURS

PROUDLY INDIAN

રમતગમત તેમ જ કલા ક્ષેત્રે તમારી નિપુણતાનો દુનિયાને પરિચય કરાવવા અને પોતીકાઓને ગૌરવ અપાવવા માટે

ગિફ્ટિંગ પાર્ટનર: GLOBAL NETWORKING BARTER COMPANY

SONY PLASTICS CORPORATE GIFTS SINCE -1982

TOSAA NON-STICK COOKWARE MUCH MORE...

આજથી જ કમર કસો, કારણ કે...

તમારી પાસે ખૂબ જ ઓછો સમય બચ્યો છે

કયાં અને ક્યારે યોજાશે ખેલ મહોત્સવ

૧૪ ડિસે. કાંદિવલી રિક્રિએશન કલબ, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી (પ.)

૧૫ ડિસે. ગરવારે ક્લબ, વાનખેડે સ્ટેડિયમ, 'ડી' રોડ, ચર્ચગેટ. GARWARE CLUB HOUSE

૧૫ ડિસે. શ્રી માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડ, નાથાલાલ પારેખ રોડ, કિંગ્સ સર્કલ, માટુંગા (પ.)

૧૫ ડિસે. નોર્થ ઈન્ડિયા એસો., ભાઉદાજી રોડ એક્સ., સાયન રોડ. (૧૫ ડિસે.)

૨૧-૨૨ ડિસે. ઘાટકોપર જોલી જિમખાના કિરોલ રોડ, ઘાટકોપર

નોંધ

* આ ફોર્મ ૧૧ ડિસેમ્બર, સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં ભરી દેવાનાં રહેશે. સ્પર્ધકે પોતાનો એક ફોટો બીડવો અનિવાર્ય રહેશે.

* 'મુંબઈ સમાચાર' દ્વારા રંગ પૂરવાની સ્પર્ધાના આયોજન માટે તમામ સ્પર્ધકોને કલરિંગ કરવાનાં તમામ સાધનો પૂરાં પાડવામાં આવશે.

સ્પર્ધકો જોગ: ખેલ મહોત્સવમાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ ફોર્મ ભરવા હોય તો એની નકલ ઉક્ત સ્થળે ઉપલબ્ધ છે.

અહીં આપેલા ક્યુઆરકોડ પરથી ઓનલાઈન ફોર્મ પ્રાપ્ત કરી શકાશે.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ઈનામો તો ખરાં જ.

ખાસ નોંધ: તમામ બેડમિંટન કોર્ટ આંતરરાષ્ટ્રીય દરજ્જાની હોવાથી તમામ સ્પર્ધકોએ ગમ સોલ શૂઝ પહેરીને આવવાનું ફરજિયાત. એન્ટ્રીઓ મોકલવાની અંતિમ તારીખ ૧૧ ડિસે. છે અને ડ્રો ૧૩મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મુંબઈ સમાચારમાં પ્રગટ થશે. બધી રમતનો મેગા ફાઈનલ રાઉન્ડ ઘાટકોપર જોલી-જિમખાનામાં રાખવામાં આવેલ છે.